# શંભુનાં વિવિધ સ્વરૂપોનો મહિમા વર્ણવતું શિવપુરાણ

****************************************

ભારતીય સંસ્કૃતિમાં શિવનો મહિમા અનેરો છે. ઋગ્વેદ, અથર્વવેદ, શતપથ બ્રાહ્મણ ગ્રંથમાં, ઉપનિષદોમાં તથા રામાયણ-મહાભારત આદિ સદ્ગ્રંથોમાં શિવમહિમા-કથા-તત્ત્વ નિરૂપાયેલાં છે.

વૈદિકકાળ - પુરાણકાળથી જ પંચદેવની આરાધના-સનાતન ધર્મમાં થતી આવી છે. શ્રી ગણેશ, અંબા, સૂર્ય, વિષ્ણુ (નારાયણ) અને શિવ આ પાંચદેવની આરાધના ઉપાસના મનુષ્યોની શ્રદ્ધા-રુચિ - સ્વભાવ અનુસાર કરતા આવ્યા છે. શિવતત્ત્વની આરાધના સુર-અસુર-મનુષ્ય-ગંધર્વ અથવા ભૂતપ્રેતપણ કરતા આવ્યા છે. શિવનો મહિમા અનન્ય છે.

શિવપુરાણમાં પરમેશ્વર સદાશિવ-શંકરના મનોહર અને કલ્યાણમય નિર્ગુણ-સગુણ સ્વરૂપ, તેમનું મહત્ત્વ, ગૂઢતત્ત્વકથન, રહસ્ય નિરૂપણ, ભગવાનની અનેક લીલાકથાઓ, અવતારોની કથાઓ, પૂજાપદ્ધતિનું વર્ણન, ભગવાનના અનેક ભકતોનું રમણીય કથાઓમાં નિરૂપણ, વેદોમાં ગવાયેલા સનાતન ધર્મના સિદ્ધાંતોનો સાર, ચાર પુરુષાર્થ, ચાર વર્ણ-ચાર આશ્રમના ધર્મકથન, વિશેષ ધર્મ નિરૂપણ વગેરે વિષયો સરળ રીતે વર્ણવેલા છે.

શિવપુરાણ શ્નરામચરિત' માનસની જેમ સાત વિભાગોમાં વહેંચાયેલું છે, જે સંહિતા તરીકે ઓળખાય છે. તે સાત સંહિતા આ પ્રમાણે છે.

(૧) વિધેશ્વર સંહિતામાં શિવસ્તુતિ, સૂત આદિ ઋષિઓનો સત્સંગ, શિવતત્ત્વ કથન, લિંગપૂજા-મૂર્તિપૂજા રહસ્ય, વિષ્ણુ-બ્રહ્મા-કેવડાની વિખ્યાત કથા, ૐ (ઓમકાર) મહિમા, બીલીપૂજાનો મહિમા.

(૨) રુદ્ર સંહિતામાં સૃષ્ટિ ઉપાખ્યાન, શિવનું સગુણ-નિર્ગુણ સ્વરૂપ, નારદ કથા, શિવશકિત દ્વારા વિષ્ણુ ભગવાનનું પ્રાગટય, શબ્દબ્રહ્મ સ્વરૂપ-ભકિત-પૂજન મહિમા, બ્રહ્માથી સૃષ્ટિ પ્રારંભ, ગુણનિધિ કુબેર, પુરાણોમાં ખૂબ જ વર્ણવાયેલી પાર્વતીના પૂર્વ જન્મની કથા, સતીચરિત્ર, દધીચિની કથા, ત્યારબાદ પાર્વતી - હિમાલય-મેનાનું ચરિત્ર વર્ણન.

કાર્તિકેયકુમારની કથા, તારકાસુરનાશ કથા, શ્રીગણેશજીનું આખ્યાન, શિવ દ્વારા ત્રિ઼ુપરનગર નાશ, જલંધર-વૃંદા-વિષ્ણુની કથા, તુલસી મહિમા.

(૩) શતરુદ્ર સંહિતા અવતારો, અષ્ટમૂર્તિ, સદાશિવનો કિરાત અવતાર-અર્જુન કથા, દ્વાદશ જયોતિર્લિંગ કથા,

(૪) કોટિરુદ્ર સંહિતામાં ઉપલિંગોનું વર્ણન, અનસૂયા-અત્રિની કથા, બાર જયોતિર્લિંગનો દિવ્ય ઇતિહાસ, વિષ્ણુને સુદર્શન ચક્ર દેવું, શિવરાત્રિ વ્રત,સગુણ-નિર્ગુણ ભેદ વિવેચન.

(૫) ઉમાસંહિતામાં શ્રીકૃષ્ણ દ્વારા શિવસ્તુતિ, ઉપમન્યુ દ્વારા શિવમહિમા વર્ણન, વિવિધ પુરાણો, સપ્તલોક, દેહની સ્થિતિ, શ્રાદ્ધ-પિતૃઓના પ્રભાવનું વિવરણ, વ્યાસની ઉત્પત્તિ, જગદંબાનું ચરિત્ર, મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતીની કથાઓ, દેવીઓના અવતારોની કથાઓ.

(૬) કૈલાસ સંહિતામાં પ્રણવ, સંન્યાસ-શિવતત્ત્વ-શ્રુતિનાં મહાવાકયોનો ઉપદેશ - શિવપાર્વતી સત્સંગ તથા સંન્યાસીઓનાં ધર્મો-કર્મોનું વિસ્તારથી વિવરણ.

(૭) વાયવીય સંહિતામાં સર્વશ્રેષ્ઠ તત્ત્વ-મહાદેવ કથા, ત્રિદેવ કથા, સતી કથા, તત્ત્વોની કથા, કૃષ્ણ કથા, પાશુપત-પશુપતિ, શિવતત્ત્વ - પૂજન, લિંગપૂજા રહસ્ય, યોગ, શૈવયોગ, શિવપુરાણનું માહાત્મ્ય કથન.

(૮) શિવના શિવપુરાણમાં વિવિધ અવતારો-સ્વરૂપોનું વર્ણન છે. પ્રભુ અનેક સ્વરૂપે પ્રગટ થઈ પોતાના ભકતોને સહાય કરે છે. ભગવાન શિવ પોતાના ભકતો કાજે વિવિધ સ્વરૂપે પ્રગટ થાય છે. અહીં તેની નામાવલી જોઈએ.

(૧) અગ્નિના થાંભલા સ્વરૂપે : બ્રહ્મા - વિષ્ણુને શિવમહિમા દર્શાવ્યો.

(૨) શબ્દબ્રહ્મ સ્વરૂપે : બ્રહ્મા - વિષ્ણુના વિવાદનું શમન અને ૐ ઓમકાર સ્વરૂપે પ્રગટ થવું.

(૩) ગૃહસ્થાશ્રમી સ્વરૂપે : શિવ-સતી અને પછી પાર્વતી પતિ મહાદેવના સ્વરૂપે, જગતના શ્રેષ્ઠ આદર્શ ગૃહસ્થ તરીકે.

(૪) અર્ધનારીશ્વર સ્વરૂપે : બ્રહ્માની પ્રાર્થનાથી શિવે અર્ધનારીશ્વર સ્વરૂપ ધારણ કર્યું અને પછી શિવ-શકિત એમ અલગ રૂપે પ્રગટ થયા.

(૫) શલભ-તીડ સ્વરૂપે : નૃસિંહનું અભિમાન - ક્રોધ શાંત કરવા.

(૬) બાળસ્વરૂપે : વિશ્વાર બ્રાહ્મણને ત્યાં બાળશિવ સ્વરૂપે પ્રગટ થયા.

(૭) યક્ષ સ્વરૂપે : અમૃતપાન કર્યા પછી દૈત્યોને જીતી દેવો ગર્વિષ્ઠ થતાં શિવ યક્ષ સ્વરૂપે ગર્વ ઉતારે છે.

(૮) દુર્વાસા સ્વરૂપે : અત્રિઋષિ - અનસૂયાજીને ત્યાં દુર્વાસા પુત્રના સ્વરૂપે

(૯) હનુમાન સ્વરૂપે : રામજીનાં કાર્ય સરળ થાય માટે સેવા કરવા કપિ અવતાર ધારણ કર્યો.

(૧૦) મહેશ સ્વરૂપે : શિવે પોતાના દ્વારપાલ ભૈરવની સ્તુતિથી મહેશ અવતાર ધારણ કર્યો.

(૧૧) પિપ્પલાદ સ્વરૂપે : ઋષિ દધીચિને ત્યાં ભકિતથી પ્રસન્ન થઈ પિપ્પલાદ સ્વરૂપે પ્રગટ થાય છે.

(૧૨) વૃષભ સ્વરૂપે : સમુદ્રમંથન પછી વિષ્ણુના ગર્વને શાંત કરવા વૃષભ (બળદ) સ્વરૂપે પધાર્યા.

(૧૩) વૈશ્ય સ્વરૂપે : મહાનંદા નામે વૈશ્યાને ત્યાં વૈશ્ય સ્વરૂપે પરીક્ષા કરવા અર્થે પ્રગટ થયા.

(૧૪) યતિ સ્વરૂપે : આબુ પર્વત પર આહુક નામના ભીલની પરીક્ષા લેવા યતિ સ્વરૂપે શિવ પ્રગટ થયા.

(૧૫) હંસ સ્વરૂપે : નળ-દમયંતીનો મેળાપ કરાવવા શિવ હંસ સ્વરૂપ ધારણ કરે છે.

(૧૬) કૃષ્ણદર્શન સ્વરૂપે : ઇક્ષ્વાકુવંશમાં શ્રાદ્ધદેવના કુળમાં એક પુત્રને જ્ઞાન આપવા શિવે - કૃષ્ણદર્શન સ્વરૂપ ધારણ કર્યું.

(૧૭) અવધૂત સ્વરૂપે : કૈલાસમાં ઇન્દ્રના ગર્વને ઉતારવા શિવ અવધૂતયોગી બને છે.

(૧૮) ભિક્ષુ સ્વરૂપે : શાપથી રાજાના તરત જન્મેલા બાળકને બચાવવા વિધવા બ્રાહ્મણીને ભિક્ષુ સ્વરૂપે દર્શન આપી તેના રક્ષણની જવાબદારી આપવા.

(૧૯) ઇન્દ્ર સ્વરૂપે : શિવ ભકત ઉપમન્યુની પરીક્ષા લેવા અર્થે શિવે ઇન્દ્ર સ્વરૂપ ધારણ કર્યું.

(૨૦) બ્રહ્મચારી સ્વરૂપે : પાર્વતીજીની તપ પરીક્ષા કરવા માટે શિવે બ્રહ્મચારીનું રૂપ લીધું.

(૨૧) નટરાજ સ્વરૂપે : હિમાલયને બ્રહ્મા-વિષ્ણુ-રુદ્ર વગેરે સ્વરૂપો બતાવી પછી નટરાજ સ્વરૂપે તાંડવ નૃત્ય કરે છે.

(૨૨) બ્રાહ્મણ સ્વરૂપે : હિમાલયને ત્યાં બ્રાહ્મણ-જયોતિષી બનીને પરીક્ષા કરવા જાય છે.

(૨૩) સુંદર સ્વરૂપે : (સત્યમ્ શિવમ્ સુંદરમ્) શિવનું વિચિત્ર સ્વરૂપ જોઈ પાર્વતીજીની માતા બેભાન થાય છે પછી સુંદર મનોહર સ્વરૂપે શિવ દર્શન આપે છે.

(૨૪) અશ્વત્થામા સ્વરૂપે : ગુરુ દ્રોણની ભકિતથી પ્રસન્ન થઈ પુત્રરૂપે શિવ અશ્વત્થામા બને છે.

(૨૫) કિરાત સ્વરૂપે : ઇન્દ્રકીલ પર તપ કરવા ગયેલા અર્જુનને કિરાત (ભીલ)નું રૂપ લઈ, કસોટી કરી શિવ પ્રસન્ન થઈ વરદાન આપે છે. શિવ ઉપાસના કરનારા ભકત સર્વ રીતે સુખી થાય છે. ગૃહસ્થ ધનવાન-પુત્રવાન - દામ્પત્યસુખ, ગૃહેથી શાંતિ અને જીવનમાં પ્રગતિ સુખ-સંતોષ અને આધ્યાત્મિક ઉન્નતિને પામે છે.

mukesh mori
veraval
9227687134

BACK to
www.vadwala.com